# આદિવાસી મહિલા ખેડૂત તાલીમ  કેન્દ્ર, આકૃયુ, દે' બારીયા ખાતે
# "શુદ્ધ અને ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન" ઉપર મહિલા ખેડૂતોને માટે તાલીમ યોજાઇ

બીજ એ ખેતી માટે પાયાનું અને સૌથી અગત્યનું ઘટક છે. જમીન, પિયત, પાક સંરક્ષણ અને તમામ ખેત પદ્ધતીઓના પ્રતિભાવની ક્ષમતા, શુદ્ધ અને સુધારેલ બિયારણની ગુણવત્તા ઉપર આધારીત છે.  આદિવાસી મહિલા ખેડૂત તાલીમ  કેન્દ્ર, આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા કેન્દ્ર ખાતે "શુદ્ધ અને ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન"  વિષય ઉપર તા. ૨૦/૦૯/૨૦૧૯ ના રોજ દેવગઢ બારીયા તાલુકાનાં કાંકલપુર, વિરોલ,વાંસ અને બામરોલી મુવાડા ગામની મહિલા ખેડૂતોને એક દિવસીય તાલીમ આપવામાં આવી.

ડો. જી. જે.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા ગુઅણવત્તાયુક્ત યોગ્ય જાતનું બીજ, યોગ્ય સમયે અને જરૂરી જથ્થામાં ખેડૂતોને ઉપલબ્ધ થાય તો દેશના કૃષિ વિકાસ અને ખેડૂતોની સમૃદ્ધી થઇ શકે છે એમ જણાવ્યું. વધુમાં, તેઓએ ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન કરવાની સાથે સાથે, બીજ ખેડૂતોને સહેલાઇથી મળી રહે તે માટે પણ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તેના કાર્યક્ષેત્રમાં આવેલ કેન્દ્રો પર વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોય છે તેની માહિતી પુરી પાડેલ હતી.

કેન્દ્ર ખાતેફરજ બજાવતા ડો. ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકે, ડો. એ. વાય. મકાણીએ (રીસર્ચ એસોસીએટ) અને શ્રી. ડી. બી. રામજીયાણી (રીસર્ચ એસોસીએટ) દ્વારા દાહોદ જીલ્લાના મુખ્ય પાકો ડાંગર, મગ, ચણા, ઘઉ, બાજરી મકાઇ અને ઘાસચારાના  ગુણવત્તાયુક્ત બીજની અગત્યતા અને તેના ધારાધોરણો, બિયારણની ગુણવત્તા વધારવાના ચાવીરૂપ મુદ્દાઓ તેમજ બીજ ઉત્પાદન બાદ તેના પ્રોસેસિંગ, સુકવણી બીજ ચકાસણીની આધુનિક પદ્ધતીઓ અને સંગ્રહ અંગેની વૈજ્ઞાનિક માહિતી પુરી પાડેલ હતી.

## તા. ૨૦/૦૯/૨૦૧૯ ના રોજ આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દે’ બારીયા ખાતે “શુદ્ધ અને ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન” ઉપર મહિલા ખેડૂતો માટે તાલીમ યોજાઇ













TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
(VANBANDHU KALYAN YOJANA - GOVERNMENT OF GUJARAT)
ANAND AGRICULTURAL UNIVERSITY
DEVGADH BARIA (DIST : DAHOD)



